સશિ૫/ફેબ્રુ૦૦/૪૦૦

## બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

## સત્સંગ શિક્ષણ પરીક્ષા

# સત્સંગ પ્રાજ્ઞ : પ્રથમ ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ના આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. આત્મજ્ઞાનાદિ ચાર ગુણને એકબીજાની અપેક્ષા.
૨. વચ. પંચાળા - ૩ મુજબ બુદ્ધિવાળાની વ્યાખ્યા.
૩. અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની.
૪. પ્ર. ૬૮ પ્રમાણે શ્રીહરિના મતે નાસ્તિક.
૫. 'નારદજી જેવો ગુણવાન હોય પણ તેને ભગવાનની ભક્તિ ન હોય તો તે અમને ન ગમે.'

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. પાંચ ઈન્દ્રિયો દ્વારે .................. પણ અંતઃકરણ નથી.
૨. ભગવાનનું સ્વરૂપ .................. કોઈ કાળે ટળવાના નહીં.
૩. ત્યારે પણ એવા મર્મ ............... લેશ માત્ર ફેર સમજતા નથી.
૪. જેને પંચવર્તમાનમાં કોઈ ........... સહેજે જ હેત થાય છે.
૫. તે માટે દેહ-ગેહાદિક ................ સંગ નિરંતર રાખવો.

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર અભ્યાસક્રમના 'વચનામૃત'નો ક્રમાંક નોંધી બે અવતરણો લખો :** ૪

૧. કલ્યાણ
૨. ઈન્દ્રિય નિગ્રહ





**('સ્વામીની વાતો'ના આધારે)**

**પ્ર.૨. (અ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો.** ૫

૧. મહારાજની સેવામાં રહેવા માટે શું જરૂરી છે ?
૨. મહારાજ રાજી થાય તો શું આપે ?
૩. અક્ષરધામ કેટલું છેટું છે ?
૪. કોનું એક પગલું અને કોનાં બે પગલાં અક્ષરધામમાં છે ?
૫. સાંપ્રદાયિક સંદર્ભ મુજબ ફૂલવાદી અને ગારડી બંનેની વ્યાખ્યા કરો.

**(બ) કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધી ખાલી જગા પૂરો.** ૫

૧. મોટા સાધુની સમજણમાં તો મહારાજની મૂર્તિ વિના .................... સુધી ઢુંસા જ છે. (પ્રકૃતિપુરુષ, અક્ષરધામ, પ્રધાનપુરુષ)
૨. શ્રીજી મહારાજે .................... ને ગુણબુદ્ધિવાળા કહ્યા. (ગોપાળાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, પર્વતભાઈ)
૩. મનુષ્ય તો લીમડી કે નીચે દેખ્યા હૈ, એ વાક્ય ................. બોલે છે. (આત્માનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી)
૪. આવા સાધુને ............... જાણીને સંગ કરે તો બ્રહ્મરૂપ થાય છે. (બ્રહ્મરૂપ, ગુણાતીત, નિર્દોષ)
૫. પુરુષોત્તમ પધરાવવા હોય તો ............... થાવું. (સાધુ, ખરેખરા સત્સંગી, બ્રહ્મરૂપ)

**(ક) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર વિસ્તૃત નોંધ લખો** ૧૦

૧. બાવના ચંદનનું દૃષ્ટાંત અને હાર્દ. ૨. શાશ્વત સુખનો ઉપાય.
૩. અડધો સત્સંગ અને આખો સત્સંગ.

**('બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવન ચરિત્રના આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. ભગતજી મહારાજ તથા શાસ્ત્રીજી મહારાજનો આત્મીય સંબંધ.
૨. અક્ષરબ્રહ્મના ઉદ્‌ઘોષક ભગતજી.
૩. ભાદરોડમાં સંતોને સુખની લહાણ.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષય પર નોંધ લખો.** ૨૦

૧. ભગતજી તથા જાગાભક્તનું જૂનાગઢમાં મિલન.
૨. અનુવૃત્તિ પાળનાર આદર્શ સેવક.
૩. પેટલાદના જમાદારને કરેલી જ્ઞાનવાર્તા.
૪. ગોપાળાનંદ સ્વામીના યોગમાં પ્રાગજીભક્ત.

✿ ✿ ✿